વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી શ્રમયોગીના અવસાનના કિસ્સામાં તેમના વારસદારને આર્થિક સહાય આપવા અંગે

...કાર વિભાગ
ક્રમાંક 21/3
10 2 JUN 2015
417824

ગુજરાત સરકાર
શ્રમ અને રોજગાર વિભાગ,
ઠરાવ ક્રમાંક:એલડબલ્યુએસ-૧૪-૨૦૧૧-૭૧૫૭૫૧-મ-૩
સચિવાલય, ગાંધીનગર
તા.૨૯/૦૫/૨૦૧૫

**વંચાણે લીધા:** **(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા. ૪/૦૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:એલડબલ્યુએસ-૧૪-૨૦૧૧-૭૧૫૭૫૧-મ-૩**

**(૨) શ્રમ અને રોજગાર વિભાગના તા.૯/૦૩/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક:એલડબલ્યુએસ-૧૪-૨૦૧૧-૭૧૫૭૫૧-મ-૩**

ઠરાવ:-

રાજ્યમાં અકીકના વ્યવસાયમાં રોકાયેલ સ્વાશ્રયી વ્યવસાયીકોનું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સીલીકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય આપવા અંગેની સુરક્ષા યોજના વંચાણે લીધા ક્રમાંક (૧) તા. ૪/૦૧/૨૦૧૪ના ઠરાવથી બહાર પાડવામાં આવેલ છે. તેમજ ક્રમાંક (૨) તા.૯/૦૩/૨૦૧૫ના ઠરાવથી રોગના નિદાન/અવસાનની તારીખથી ૯૦ દિવસમાં અરજી પત્રક ભરીને આપવાનું ઠરાવવામાં આવેલ છે. તેમજ આ યોજનાનો અમલ અને પ્રારંભની તા.૧/૦૧/૨૦૦૬થી કરવાનું ઠરાવેલ છે.

આ ઠરાવોથી રાજયમાં અકીકના વ્યવસાયમાં રોકાયેલ સ્વાશ્રયી વ્યવસાયીકોનું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સીલીકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય પેટે રૂ. ૧.૦૦ લાખ ચૂકવવામાં આવે છે. હાલ આ યોજના માત્ર અકીક ક્ષેત્રના અસંગઠિત/સ્વાશ્રયી શ્રમયોગીઓને જ લાગુ પાડવામાં આવેલ છે. નેશનલ હ્યુમન રાઇટસ કમિશન, નવી દિલ્હીમાં સીલીકોસીસના કારણે અવસાન પામેલ શ્રમયોગીઓના વારસદારોને રાજ્ય સરકાર તરફથી વળતર આપવા અંગેના ઘણા કેસો પડતર છે. નેશનલ હ્યુમન રાઇટસ કમિશન, નવી દિલ્હી ધ્વારા વારંવાર રાજ્ય સરકાર ધ્વારા વળતર આપવાનો મુદ્દો ઉઠાવવામાં આવે છે. રાજ્ય સરકાર પણ ઇચ્છે છે કે, સીલીકોસીસના કારણે અવસાન પામેલ શ્રમયોગીઓના વારસદારોને લાભ મળે.

આ વિભાગના તા.૪/૧/૨૦૧૪ના ઠરાવમાં આ યોજનાનો લાભ કોને મળે તેમાં સુધારો કરી આ યોજનાનો લાભ જે શ્રમયોગીને વર્કમેન/એમ્પ્લોઇઝ કોમ્પેનસેશન એકટ, કામદાર રાજ્ય વિમા અધિનિયમ કે બાંધકામ શ્રમયોગીની યોજનાઓ અંતર્ગત કોઇ લાભ મળેલ નથી અને આ શ્રમયોગીઓ સીલીકોસીસના કારણે અવસાન પામેલ છે, તેવા શ્રમયોગીઓનો સમાવેશ કરવા અંગેનો સુધારો કરવામાં આવે તો આ શ્રમયોગીઓને અસંગઠિત શ્રમયોગી તરીકે ગણીને આર્થિક સહાય આપી શકાશે. તેમજ તા.૯/૦૩/૨૦૧૫ના ઠરાવથી રોગના નિદાન/અવસાનની તારીખથી ૯૦ દિવસમાં અરજીપત્રક ભરીને આપવામાં આવેલ સમયમર્યાદાની જોગવાઇ કરતાં જુના કેસોમાં વધુ સમયમાં પણ અરજી કરી શકાશે તેવો સુધારો કરવાનો થશે, કારણ કે આ શ્રમયોગીઓના અવસાન લગભગ ઘણા વર્ષના સમયગાળા દરમ્યાન થયેલ છે.

Office of the Registrar
A. A. U., ANAND.
16 JUN 2015
1861

ઉપર્યુક્ત હકીકતે સીલીકોસીસથી અસરગ્રસ્ત શ્રમયોગીઓને વળતર ચુકવવું અનિવાર્ય બન્યું છે. વળી, આ શ્રમયોગીઓના વારસદારોને વર્કમેન/એમ્પ્લોઇઝ કોમ્પેનસેશન એકટ, કામદાર રાજય વિમા અધિનિયમ કે બાંધકામ શ્રમયોગીની યોજના અંતર્ગત કોઇ લાભ મળેલ નથી ત્યારે વંચાણે લીધા તા.૪/૦૧/૨૦૧૪ અને તા.૯/૦૩/૨૦૧૫ના ઠરાવો માં સુધારો કરવો જરૂરી જણાતા, નીચે મુજબના સુધારા કરવામાં આવે છે.

૧. તા.૪/૦૧/૨૦૧૪ના ઠરાવમાં યોજનાનો લાભ કોને મળે તેમાં નીચે મુજબની જોગવાઇ ઉમેરવામાં આવે છે.

"આ યોજનાનો લાભ જે શ્રમયોગીને વર્કમેન/એમ્પ્લોઇઝ કોમ્પેનસેશન એકટ, કામદાર રાજય વિમા અધિનિયમ કે બાંધકામ શ્રમયોગીની યોજનાઓ મુજબ કોઇ લાભ મળેલ નથી અને જે શ્રમયોગીઓ સીલીકોસીસના કારણે અવસાન પામેલ છે, તેવા શ્રમયોગીઓનો સમાવેશ કરવામાં આવે છે. અને આ શ્રમયોગીઓને અસંગઠિત શ્રમયોગી તરીકે ગણીને તા.૪/૦૧/૨૦૧૪ના ઠરાવ મુજબની આર્થિક સહાય આપવાનું ઠરાવવામાં આવે છે."

૨. તા.૯/૦૩/૨૦૧૫ના ઠરાવમાં રોગના નિદાન/અવસાનની તારીખથી ૯૦ દિવસમાં અરજી પત્રક ભરીને આપવાની જોગવાઇ છે. આ સમયમર્યાદા જુના કેસોમાં રદ કરવાનું ઠરાવવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૨/૦૫/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( માવજીભાઇ મકવાણા )
સેકશન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ,

પ્રતિ,

*મહામહિમ રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ /સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
*માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા વિઠ્ઠલભાઇ પટેલ ભવન, ગાંધીનગર.
શ્રમ આયુકતશ્રી, ગુ.રા., બ્લોક નં. ૧૧,૧૨ અને ૧૪, બીજો માળ, ઉદ્યોગભવન, સેકટર-૧૧, ગાંધીનગર.
ગ્રામ શ્રમઆયુકતશ્રી, ગુ.રા., બ્લોક નં.૭/૧, ડો.જીવરાજ મહેતા ભવન.ગાંધીનગર.
નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થય (ગુ.રા), બ્લોકનં. ૩-૫ માળ, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.
સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, બ્લોક નં.૬/૩, ડો. જીવરાજ મહેતા ભવન.ગાંધીનગર.
મહા લેખાકારશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

અધિક મુખ્ય સચિવશ્રી, નાંણા વિભાગ, ૪, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ૭, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
કમિશનરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ , ૫, ડો. જીવરાજ મહેતા ભવન.ગાંધીનગર.
(તમામ જિલ્લાના જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ/જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રીઓ /સીવીલ સર્જનશ્રીઓને આ ઠરાવ પરિપત્રિત કરવાની વિનંતી સાથે.)
સચિવાલયના સર્વે વિભાગો. ( આપના નિયંત્રણ હેઠળના સર્વે ખાતાના વડાઓ/કચેરીઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે.)
નાંણા સલાહકારશ્રી, (શિક્ષણ) નાણાં વિભાગ, ૫/૭, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
વીમા નિયામકશ્રી, ગુ.રા., વીમા અને લેખા ભવન!! ડો. જીવરાજ મહેતા ભવન.ગાંધીનગર.
સચિવશ્રી ગુજરાત મકાન અને બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સેક્શન અધિકારીશ્રી, બજેટ અને મ.ર શાખા, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
શાખા સિલેકટ ફાઇલ-૨૦૧૫.
નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ -૨૦૧૫.
આઇ.ટી. અધિકારીશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ,વિભાગની વેબ સાઇટ પર મુકવાની વિનંતી સહ.

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૫/૧૪૪૧/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૫/૦૬/૨૦૧૫

પ્રતિ,

- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / નિગમ / કૃષિ યુનિવર્સિટીઓ / કામધેનૂ યુનિવર્સિટી
- સેક્શન અધિકારીશ્રી, સર્વે શાખાઓ, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

➢ ઉક્ત બાબતે જરૂરી કાર્યવાહી સત્વરે કરવા સારૂ.

સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ

<u>નકલ સવિનય રવાના જાણ સારૂઃ</u>
આ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ સારૂ.

જા.નં.આકૃયુ/રજિ/સંકલન/ ૧૧૧૨ /૨૦૧૫

કુલસચિવ

તા.૨૨/૦૬/૨૦૧૫

<u>નકલ રવાનાઃ</u>

૧. કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ.

૨. આ કચેરીની તમામ શાખાઓ તરફ જાણ સારૂ.